# ચાલું વર્ષે પણ મગફળીનો ભાવ મજબૂત, ટેકાના ભાવથી ઉપર રહેવાની સંભાવના

ગુજરાતમાં સતત છેલ્લા પાંચ વર્ષથી સારું ચોમાસું જોવા મળી રહ્યું છે. ચાલું વર્ષે ચોમાસુ જૂનના ત્રીજા સપ્તાહમાં સમયસર બેસી ગયેલ હતું અને મગફળીનું વાવેતર જુલાઈ ૨૦૨૩, ના બીજા સપ્તાહમાં પૂર્ણ થઈ ગયું હતું, જે અંદાજે ૧૬.૩૬ લાખ હેક્ટર જેટલું થયેલ છે, જે ગત વર્ષ (૧૭.૦૯ લાખ હેક્ટર) કરતા ૦.૭૨ લાખ હેક્ટર જેટલું ઓછું રહેલ છે. ચાલું વર્ષે વરસાદની વહેચણી ખુબજ અનિયમિત રહેલ છે. જુલાઈ મહિનામાં એકધારો અને વધુ વરસાદ પડ્યો, ત્યારબાદ ઓગસ્ટ થી સપ્ટેમ્બર મહિનાના પહેલા પખવાડિયા સુધી સાવ શુષ્ક આબોહવા રહી, જેથી પાકને નુકશાન થયેલ છે. ગુજરાતમાં ચાલું વર્ષે ખરીફ મગફળીનું ઉત્પાદન ૩૯.૯૨ લાખ ટન જેટલું થવાનો અંદાજ છે જે ગત વર્ષે ૪૪.૦૮ લાખ ટન જેટલું હતું. (પ્રથમ આગોતરા અંદાજ તા. ૨૧–૦૮–૨૦૨૩).

દેશમાં ચાલું વર્ષે ખરીફ મગફળી હેઠળનો વિસ્તાર ગત વર્ષ કરતાં ઓછો અંદાજે ૪૩.૯૧ લાખ હેક્ટર જેટલો છે, જે ગત વર્ષે ૪૫.૫૩ લાખ હેક્ટર જેટલો હતો, અને ઉત્પાદન પણ ઓછું અંદાજે ૮૦ લાખ ટન જેટલું થશે, જે ગત વર્ષે ૮૫ લાખ ટન જેટલું હતું. જેનું મુખ્ય કારણ મગફળીનું વાવેતર કરતા રાજ્યોમાં વરસાદની અનિયમિતતા છે.

દેશમાંથી ચાલું વર્ષે ૬.૬૯ લાખ ટન જેટલી મગફળી (સિંગદાણા)ની નિકાસ થયેલ જે ગત વર્ષે ૫.૧૪ લાખ ટન હતી અને ચાલું વર્ષે અંદાજીત ૬ લાખ ટન જેટલી નિકાસ થશે. તે ઉપરાંત, વર્ષ ૨૦૨૨–૨૩માં અંદાજીત ૧.૨૪ લાખ ટન સીંગતેલની નિકાસ થયેલ. આથી મગફળીના ભાવ ઓક્ટોબર–નવેમ્બર ૨૦૨૨–૨૩માં મણના રૂા. ૧૨૪૦ની આજુબાજુ હતાં, જે સતત વધીને ફેબ્રુઆરી ૨૦૨૩, માં મણના રૂા. ૧૩૫૦ જેટલા થયા અને આગળ જુલાઈ ૨૦૨૩ માં મણના રૂા. ૧૪૭૫ થયા. હાલ ગુજરાતની વિવિધ બજારોમાં મગફળીનો ભાવ મણના રૂા. ૧૩૫૦ જેટલો પ્રવર્તમાન છે, જે કાપણી સમયે હાલની સપાટીએ મજબુત રહેવાની શક્યતા છે. સને ૨૦૨૩–૨૪ માટે ભારત સરકારશ્રીએ મગફળીનો ટેકનો ભાવ મણ દીઠ રૂા. ૧૨૭૫.૪૦ (ક્વિન્ટલ દીઠ રૂા. ૬૩૭૭) નક્કી કરેલ છે, જે ગત વર્ષે મણના રૂા. ૧૧૭૦ હતાં.

ગત વર્ષ ૨૦૨૨–૨૩ દેશમાં તેલીબિયાનું કુલ ઉત્પાદન આશરે ૪૧૦ લાખ ટન થયેલ હતું. જે અગાઉના વર્ષની સરખામણીમાં ૮ ટકા વધારે હતુ. વર્તમાન ખરીફ તેલીબિયાનું ઉત્પાદન ૨૬૦ લાખ ટન થવાનો અંદાજ છે. જે ગત વર્ષ જેટલું છે. વર્ષ ૨૦૨૨–૨૩ દેશમાં દેશમાં ખાદ્યતેલની આયાત ૧૫૭ લાખ ટન થયેલ હતી. જે ગત વર્ષ ૨૦૨૧૨–૨માં ૧૪૩ લાખ ટન થયેલ હતી. ચાલું વર્ષે એપ્રિલ થી સપ્ટેમ્બર, ૨૦૨૩ સુધીમાં દેશમાં ૮૫ લાખ ટન જેટલા ખાદ્યતેલની આયાત થયેલ છે.

ઉપરોક્ત વિગતોને ધ્યાનમાં લઈ, કૃષિ અર્થશાસ્ત્ર વિભાગ, જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી, જૂનાગઢની સંશોધન ટીમે ગોંડલ અને રાજકોટ માર્કેટિંગ યાર્ડનાં મગફળીના ઐતિહાસિક માસિક ભાવનું વિશ્લેષણ કરેલ. જેના તારણ મુજબ એવું અનુમાન છે કે, **મગફળીનો ભાવ નવેમ્બર થી ડિસેમ્બર ૨૦૨૩ દરમ્યાન મણનાં રૂા. ૧૩૪૦ થી ૧૪૮૦ (ક્વિન્ટલ દીઠ રૂા. ૬૭૦૦– ૭૪૦૦) રહેવાની સંભાવના છે.** જેથી ઉપરોક્ત બાબતો અંગેની નોંધ લઈ, મગફળીનો સંગ્રહ ૨૦૨ ,તેમજ ડીસેમ્બર ,કરવાડ પછી વેંચાણ કરવા ખેડૂતભાઈઓ પોતાની રીતે નિર્ણય કરી શકે છે. જો કાપણીની મોસમમાં ભાવ મણના રૂા. ૧૫૦૦ થી ઉપર જાય, તો તે ભાવે તુરંત વેચાણ કરવા નિર્ણય લઈ શકે.

જો સરકારશ્રી દ્વારા ખાદ્યતેલની નિકાસને પ્રોત્સાહન અને આયાત ઉપર નિયંત્રણ રાખવા ઉંચી આયાત કરની નીતિ ચાલુ રાખવામાં આવશે, તો ગત વર્ષની જેમ જ આ વર્ષે પણ મગફળીના ભાવમાં વધારો થવાની સંભાવના રહેલી છે.